# જાહેરનામુ

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃટ્રાફિક/૧૩૫૫ /૨૦૦૮.

## તા.૨૫/૯/૨૦૦૮.

વંચાણે લીધો :૧. જાહેરનામા ક્રમાંક.ગ/ઉપક/૧૫૭/૨૦૦૪ તા.૧૬.૧૧.૦૪.
૨. જાહેરનામા ક્રમાંક.ગ/ઉપક/૧૫૬/૨૦૦૪ તા.૧૬.૧૧.૦૪.
૩. જાહેરનામા ક્રમાંક.ટ્રાફિકશાખા/૬૭૦/૨૦૦૮ તા.૨૬.૩.૦૮.
૪. જાહેરનામા ક્રમાંક.ટ્રાફિકશાખા/૬૭૧/૨૦૦૮ તા.૨૬.૩.૦૮.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો (મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ નક્કી કરેલા વાહનોને) (લકઝરી બસો સહીત) સવારે કલાક.૯.૦૦ થી રાત્રીના કલાક.૨૧.૦૦ સુધી અવરજવર કરી શકશે નહી. તદુપરાંત સુભાષબ્રીજ સર્કલ, સાબરમતી આશ્રમ, ઇન્કમટેક્ષ સર્કલ, પાલડી, વાસણા, વિશાલા સર્કલ સુધી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો સવારના કલાક.૭.૦૦ થી રાત્રીના કલાક.૨૨.૦૦ સુધી અવરજવર કરી શકશે નહીં. આ જાહેરનામું હાલ અમલમાં છે.

સંદર્ભ.૧ અને ૨ના જાહેરનામાથી મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ માં) કલમ.૩૩(બી) આધારે મળેલ સત્તાની રુએ આ જાહેરનામામાંથી નારોલ સર્કલ થી જશોદાનગર ચાર રસ્તા, સીટીએમ ચાર રસ્તાથી નરોડા પાટીયા જતાં રોડ ઉપર ભારે અને મધ્યમ પ્રકારના વાહનોને(લકઝરી બસ સહીત) ૨૪ કલાક માટે છુટછાટ આપવામાં આવેલ હતો, પરંતુ હાલમાં અમદાવાદ શહેર સહીત સમગ્ર રીતે રાજયમાં તથા પુરા દેશમાં વાહનોની સંખ્યા વધી ગયેલ છે તથા આ રુટ ઉપર બી.આર.ટી.એસ. નું કામ ચાલુ છે જેના કારણે આ રુટ ઉપર ખુબજ પ્રમાણમાં ટ્રાફિક જામ થતો હોય નારોલ સર્કલ થી નરોડા પાટીયા સુધીના રુટ ઉપર સંદર્ભ.૪થી ભારે અને મધ્યમ પ્રકારના વાહનો (લકઝરી બસ સહીત) સવારના કલાક.૮.૦૦ થી રાતના કલાક.૨૧.૦૦ સુધી અવર જવર ઉપર પ્રતિબંધ મુકી સંદર્ભ.૩માં દર્શાવેલ જાહેરનામાથી ડાયવર્ઝન આપવા અંગેનું જાહેરનામું બહાર પાડી લાગતાં વળગતાંઓ તરફથી આ જાહેરનામાના સમર્થન/વિરોધમાં તથા સુધારા/વધારા માટે સુચનો મંગાવવામાં આવેલ હતા. આ સબંધે લાગતાં વળગતાંઓ તરફથી મળેલ સુચનો ધ્યાને લેવામાં આવેલ છે અને જાહેરજનતાનાં સામુહીક હીતને ધ્યાનમાં લઇ નીચે મુજબ હુકમ કરુ છું.

હુ ક મ :-

હું એસ.કે.સાઇકીયા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર નાઓને મુંબઇ પોલીસ અધિનિયમ (સને.૧૯૫૧ના ૨૨માં) કલમ.૩૩(બી)આધારે મળેલ સત્તાની રુએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હુકુમતના વિસ્તારમાં આવેલ નારોલ સર્કલથી જશોદાનગર ચાર રસ્તા થી સીટીએમ ચાર રસ્તા થી નરોડા પાટીયા જતાં રોડ ઉપર ભારે અને મધ્યમ પ્રકારના વાહનો (લકઝરી બસ સહીત) સવારના કલાક.૮.૦૦ થી રાતના કલાક.૨૧.૦૦ સુધી અવર જવર કરી શકશે નહીં.

આ રુટ ઉપર અવર જવર કરતાં ભારે અને મધ્યમ પ્રકારના વાહનો (લક્ઝરી બસ સહીત) નીચે મુજબના રુટ ઉપર અવર જવર કરી શકશે.

૧. નારોલ સર્કલથી અસલાલી સર્કલ, સરદાર પટેલ રીંગરોડ ઉપર થઇ નાના ચિલોડા થઇ હિમ્મતનગર તરફ જઇ શકશે.

આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ એમ.ટી.એસ., ફાયરબ્રીગેડ, અમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેરસેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ.૧૩૧(બી)(૪) મુજબ શીક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૫/૪/૨૦૦૮ થી કરવાનો રહેશે.

આજરોજ તા ૨૪/૪/૨૦૦૮ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૪/૪/૨૦૦૮
અમદાવાદ.

(એસ.કે.સાઇકીયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સ.રવાના :-

૧. મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
   ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન, ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી, જીલ્લા કલેક્ટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા. અમદાવાદ. ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી. સીવીલ અને સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ( ૫ નકલ )
   રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ ભદ્ર, અમદાવાદ. ( ૫ નકલ )
   ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા, અમદાવાદ ( ૨૫ નકલ )
૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
૭. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ અને મેટ્રો પોલીટનની કોર્ટ, અમદાવાદ શહેર.
૮. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી, અમદાવાદ શહેર
૯. માહીતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
   ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :-

૧. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર.૧ અને ૨, તથા મુખ્ય મથક, વિ.શાખા, વહિવટ, તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક અ'વાદ શહેર.
૨. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.